**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગરની ગૃહિણીઓને મોંઘવારીનો માર

## ગાંધીનગરમાં દૂધમાં ૨ રૂપિયા, શાકભાજીમાં ૧૦ થી ૨૦ ટકાનો અને પેટ્રોલ-ડિઝલમાં સતત વધારો



ગાંધીનગર, તા.૬
ગાંધીનગરમાં શાકભાજીના ભાવોમાં ભડકો થતા ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે. થોડા દિવસ પૂર્વે જ દૂધના ભાવમાં રૂ.૨નો વધારો ઝીંકાયો હતો. બાદમાં રાંધણગેસના ભાવમાં પણ રૂ. ૨૫નો વધારો ઝીંકાતા ગરીબ-મધ્યમવર્ગના માથે આફત ઉભી થઈ છે. છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મોંઘવારીના મારથી પીસાઈ રહેલી પ્રજા છેલ્લા કેટલાક દિવસોથી શાકભાજીના ભાવ આસમાને ચઢતાં બેવડો માર અનુભવી રહી છે. ગાંધીનગરના શાકમાર્કેટમાં શાકભાજીના ભાવોમાં વધારો નોંધાતા ગુજરાતી થાળી મોંઘી બની છે. વિવિધ પ્રકારના શાકભાજીના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો ભાવવધારો નોંધાતા ગૃહિણીઓ માટે કયા શાકભાજી ખરીદવા તે પ્રશ્ન ઉભો થયો છે. શાકભાજીના રાજા ગણાતા બટાટાને બાદ કરતા, મોટાભાગની શાકભાજી મોંઘી થઈ ગઈ છે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ ડીઝલના ભાવોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે તેથી મોટા માર્કેટમાંથી નાના માર્કેટમાં શાકભાજી લાવવા માટે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધતા તેની સીધી અસર શાકભાજીના ભાવ ઉપર પહોંચી છે. આ તમામ પરિસ્થિતિ કરિયાણાની ચીજવસ્તુઓમાં પણ અસર કરે છે. ખાદ્યતેલ, સીંગતેલ, સનફલાવર, કપાસિયા તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. જેથી ગરીબ મધ્યમ વર્ગ આર્થિક સંકડામણ અનુભવી રહ્યો છે.

●●●●●
**પેટ્રોલનો ભાવ - ૯૬.૯૩ રૂપિયા પ્રતિ લિટર**
**ડિઝલનો ભાવ - ૯૬.૪૬ રૂપિયા પ્રતિ લિટર**
●●●●●
**ખાદ્યેલના ભાવ**
સનફ્લાવર તેલ - ૨૦૦ રૂ. કિલો
સિંગ તેલ - ૧૭૦ રૂ. કિલો
કપાસીયા તેલ - ૧૬૦ રૂ. કિલો
●●●●●
**કઠોળનો ભાવ**
મગ - ૧૦૦ રૂ. કિલો
તુવેર - ૧૦૦ રૂ. કિલો
અડદ - ૧૨૦ રૂ. કિલો
વટાણા - ૧૪૦ રૂ. કિલો
●●●●●
**શાકભાજીના ભાવ**
બટાકા - ૨૦ રૂ. કિલો
ડુંગળી - ૩૦ રૂ. કિલો
ટામેટા - ૩૦ રૂ. કિલો
લસણ - ૧૦૦ રૂ. કિલો
લીંબુ - ૪૦ રૂ. કિલો
રીંગણ - ૬૦ રૂ. કિલો
ભીંડા - ૫૦ રૂ. કિલો
મરચા - ૧૦૦ રૂ. કિલો
કંકોડા - ૧૮૦ રૂ. કિલો
કોથમીર - ૬૦ રૂ. કિલો
મેથી - ૧૫૦ રૂ. કિલો
ફ્લાવર - ૮૦ રૂ. કિલો



**જન્મદિને વધામણી**



ડો. હસમુખ નાયક
નિવૃત્ત આર.એમ.ઓ.




દિવ્ય અશ્વિન ત્રિવેદી
મો. ૯૭૩૭૭ ૧૧૧૯૧



જી પી પટેલ
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો. ૯૭૨૬૭ ૦૨૯૩૮



બ્રિજેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૧૪૧ ૭૧૮૩૦



જય જામલીયા
મો. ૯૧૭૩૪ ૮૮૧૫૬




મુકેશકુમાર ચૌધરી
ઈન્શ્યોરન્સ એડવાઈઝર



અર્જુનદાસ રીઝવાની
કમિટી મેમ્બર, સિંધી પંચાયત, ગાંધીનગર

## સરકારી વાણિજ્ય કોલેજ સે-૧૫ ખાતે વેબિનાર યોજાયો



ગાંધીનગર, તા.૬
ગાંધીનગર તથા એસબીઆઈ ગાંધીનગરના સહયોગથી 'ગ્રીન ઓપોર્ચ્યુનીટીઝ ઈન એસબીઆઈ' ઉપર વેબિનારનું આયોજન કરાયું હતું. વેબિનારનું આયોજન કોલેજના અધ્યાપક સીએ જ્યોતિ કારીયા તેમજ ડૉ. જયદિપસિંહ રાવ દ્વારા કરાયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નારાયણ માધુ (સંયુક્ત કમિશનર ઉચ્ચ શિક્ષણ)એ હાજરી આપી વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ મુખ્યવક્તા તરીકે વિક્રમ શાહ (ચીફ મેનેજર અને ફેકલ્ટી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) એ વિદ્યાર્થીઓને બેકિંગ ક્ષેત્રમાં કારકિર્દીલક્ષી માહિતી આપી હતી. જેમાં કોલેજના ટી.વાય.બી.કોમ.ના આશરે ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઉપરાંત કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર સુતરીયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

# ગુજરાત વિધાનસભામાં પ્રતિનિધિત્વ મેળવવા સોની સમાજનો નિર્ધાર

## ગાંધીનગર ખાતે ભાજપા વિચાર મંચના ગુજરાત પ્રદેશ કારોબારીની બેઠક યોજાઇ



ગાંધીનગર, તા.૬
ગાંધીનગરના ઈન્ફોસિટી ક્લબ રિસોર્ટ ખાતે આજે સોની ભાજપા વિચાર મંચના ગુજરાત પ્રદેશ કારોબારીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત તેમજ મોરબી જિલ્લા પ્રભારી પ્રકાશભાઈ સોનીએ જણાવ્યુ હતુ કે ગુજરાત સોની સમાજ વર્ષોથી ભાજપની સાથે રહ્યો છે અને આગામી ૨૦૨૨માં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ગુજરાતનો સોની સમાજના ત્રણથી ચાર બેઠકોનું પ્રતિનિધિત્વ મળવું જોઈએ. આ બેઠકમાં ભાજપના અગ્રણી શીતલબેન સોની તેમજ મુખ્યમંત્રીના અંગત મદદનીશ શૈલેષભાઈ માંડલિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.
સોની ભાજપા વિચાર મંચના ગુજરાત પ્રદેશ ની બેઠકમાં તેમણે જણાવ્યું હતુ કે ગુજરાતમાં વિવિધ સાત પ્રકારના સોની સમાજનો વસવાટ છે અને રાજ્યમાં સોની સમાજ અંદાજે આઠથી દસ લાખની વસ્તી ધરાવે છે. આ બેઠકનો હેતુ સમગ્ર ગુજરાતના તમામ સોની સમાજનું એક સંગઠન બને જેમાં પાંચેય ઝોનના પ્રતિનિધિઓ હોય, જિલ્લા પંચાયત સમિતિઓ બને અને સોની સમાજના યુવાનો નાની મોટી ચુંટણીમાં ઝંપલાવી નેતૃત્વ વિકસાવવાની દિશામાં આગળ વધી આગામી આગામી વિધાનસભાની ચૂંટણીમાં ધારાસભ્ય તરીકે લોક પ્રતિનિધિત્વ કરવા તૈયાર થાય તે માટેનો છે. આ બેઠકમાં સોની સમાજને સંકલન સમિતિના આગેવાનો અમદાવાદથી ચંદ્રકાન્તભાઈ સોની અને કમલેશકુમાર સોની તથા સુરતથી કમલજી પી. કોલ સહિત સમાજના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મહાન રાષ્ટ્રવાદી નેતા અને ચિંતક, જનસંઘના સંસ્થાપક, 'એક દેશ મેં દો વિધાન, દો નિશાન, દો પ્રધાન નહીં ચલેગેં'નો બુલંદ નારો આપનાર, દેશની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર પરમ શ્રદ્ધેય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં ભાજપા સંગઠન દ્વારા બુથ સ્તરે શસ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અંતર્ગત 'શ્રી કમલમ', સેક્ટર ૨૧ ખાતે મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ દેશ માટે આપેલા અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. વિવિધ વોર્ડમાં બુથ સ્તરે કાર્યક્રમ કરી ભાજપાના મહાનગરના તેમજ વોર્ડના સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, ઉમેદવારો, અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને પુષ્પાંજલી અર્પણ કરી હતી તેમજ તેમના જીવન વૃતાંતનું પઠન કર્યુ હતું.



## સુરેન્દ્રનગર ભાજપ આગેવાનનો ચિલોડા નજીક હોટલમાં ઝેરી દવા પી આપઘાત

**હોટલના કર્મચારીઓ રાત્રે સારવાર માટે તેમને ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા, વર્ષ-૨૦૧૭માં ચુંટણી લડ્યા હતા, સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યુ**

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર ચિલોડા નજીક આવેલી એક હોટલમાં ગતરોજ રાત્રીના સમયે ૫૦ વર્ષિય ઝીણાભાઈ ડેડવાડીયાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પીધી હતી. હોટલના કર્મચારીઓ દ્વારા તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં તેઓનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. ત્યારે મૃતક સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના આગેવાન હોવાનું પણ સામે આવ્યું છે. ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.
સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુરેન્દ્રનગર ચોટીલાના ઝીણાભાઈ નાઝાભાઈ ડેડવારીયા ગતરોજ ગાંધીનગર આવ્યા હતા અને તેઓ ચિલોડા નજીક પાલવ હોટલમાં રોકાયા હતા. સાંજે તેઓએ જમવાનો ઓર્ડર આપ્યો હતો. થોડીવાર પછી હોટલનો કર્મચારી તેમના માટે જમવાનું લઈને ગયો હતો. તે સમયે ઝીણાભાઈના મોંઢામાંથી ફીણ નીકળતા અને બેભાન અવસ્થામાં જોવા મળતા કર્મચારીએ બુમાબુમ કરતા હોટલનો સ્ટાફ એકઠો થઈ ગયો હતો. સ્ટાફના કર્મચારીઓએ તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ ગયા હતા. જયાં ડોકટર દ્વારા ઝીણાભાઈને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે આઈસીયુ વોર્ડમાં એડમીટ કરાયા હતા. ત્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ ઝીણાભાઈના પરિવારજનોને કરતા તેઓ પણ ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. ગાંધીનગર ખાતે ઝીણાભાઈ પોતાના વિસ્તારના પ્રશ્નોની રજુઆત માટે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તેઓ વર્ષ ૨૦૧૭માં ભાજપમાંથી ધારાસભ્યની ચુંટણી લડ્યા હતા. ત્યારે પીએમ રીપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે.

## શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩માં અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૬ની વિદ્યાર્થીનીઓએ ભારતમાં વિવિધ ધર્મ વિશેની માહિતીનો ચાર્ટ બનાવી અને તેના ફોટોગ્રાફસ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ચેતનાબેન પટેલે કર્યુ હતું તથા શાળાના પ્રિન્સિપાલ નીરુબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૨ના સિનિયર સિટીઝન્સ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા.૬
સેકટર-૨ બગીચા મંડળના સિનિયર સિટીઝનો વતી પ્રમોદભાઈ દવે, દિનકરભાઈ દેસાઈ, મેણાતભાઈ દ્વારા ગાંધીનગરના વાસણા હડમતિયા ગામના છાપરામાં રહેતા અને અભ્યાસ કરતા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ચોપડા માસ્ક અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સહભાગી થઈ કાર્યને સફળ કરવામાં સત્યનારાયણ લાલા, સતિષભાઈ ભાવસાર, નરેન્દ્રભાઈ ભાવસાર, દિનકરભાઈ દેસાઈ, પંડિતજી, વોરાભાઈ, સી.ડી. પટેલ, પ્રમોદભાઈ દવેએ યથા યોગ્ય ફાળો આપી ઉમદા કાર્યને સફળ બનાવેલ છે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઓનલાઈન 'સિંગ વિથ મધર'ની ઉજવણી

ગાંધીનગર, તા.૬
રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ખુબ જ મહેનત દ્વારા ઓનલાઈન શિક્ષણ આપી રહ્યા છે. દરેક માતાએ તેમના બાળકના શિક્ષણ માટે આ મુશ્કેલ સમયમાં મહત્વની ભૂમિકા ભજવી છે. એજ માતાઓ માટે 'સિંગ વિથ મધર'ની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાઓએ પોતાના બાળકો સાથે ભાગ લીધો હતો. શિક્ષકો અને માતાઓ દ્વારા જુદી જુદી કવિતાઓ અને બાળગીતો ગાવામાં આવ્યા હતા.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન ફુલદાની ચિત્ર સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા.૬
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં તાજેતરમાં ધોરણ-૮ના બધા વર્ગોમાં ઓનલાઈન ફુલદાની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી કલાશિક્ષક જયભાઈ એચ. પંડિતના માર્ગદર્શન અને માતા પિતાના સહયોગથી સુંદર ફુલદાની ડ્રોઈંગ પેપર પર સર્જન કરી તેમાં વિવિધ રંગોથી સુશોભિત કલાકૃતિ બનાવી હતી. શાળાના આચાર્ય નીવાબેન બી. પટેલે આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

## બીબીએ કોલેજ દ્વારા "કરિયર ઇન ઇન્શ્યોરન્સ સેક્ટર" વિષય પર વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૬
ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વર્કશોપનું આયોજન થયું હતું. કુલ ૧૩૫ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. એલઆઈસી ગાંધીનગર જિલ્લાના વિકાસ અધિકારી મનોજ પાત્રા દ્વારા ખૂબ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમના મુખ્ય અતિથિ તેમજ ઈન્શ્યોરન્સ સેક્ટરના તજજ્ઞ વક્તા મનોજ પાત્રાને આવકારવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને આજના વર્કશોપમાંથી ઉપયોગી ભાથું મેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડો.જયેશ તન્ના દ્વારા આજના મહેમાન નો પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને કારકિર્દી બાબતે ગંભીર બની કોલેજ દ્વારા આયોજિત વિવિધ વર્કશોપમાંથી મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું.
કૉલેજ તરફથી આજના વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ, ઉપાચાર્ય તેમજ ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના તેમજ ડો.આશિષ ભુવા,ડો. નીરવ જોશી, ડો.ગોપી પંડ્યા, ડો. શીતલ પટેલ, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## એસ.એસ.વી. શાળાના બાળકોને કલાકૃતિનું માર્ગદર્શન આપ્યું




ગાંધીનગર, તા.૬
વૃક્ષોના મહત્વની સમજ સાથે ગાંધીનગરના એસ.એસ.વી. શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રાયમરી વિભાગના બાળકોને વૃક્ષોના પાંદડામાંથી અલગ અલગ આકારો જેવા કે માછલી, ઉંદર, પોપટ, કાચબો, બિલાડી, પતંગિયા, મોર બનાવીને ગમ્મત સાથે પોતાની કલાકૃતિ બનાવી હતી. ઉપરાંત વૃક્ષોથી થતા ફાયદા વિશે બાળકોને માહિતગાર કર્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સુથાર અમૃતલાલ જોઈતારામ, ઉ.વ. ૮૦, સે-૨૫
- સ્વ. પટેલ કરશનભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૯૪, સે-૫